# બંધન અને મુકિત



**જ્ઞાનામૃત**
**બ્રહ્માકુમાર અનિલ**

> જયારે પરમાત્મા આ સૃષ્ટિ પર જીવાત્માઓને મુકિત-જીવનમુકિત આપવા માટે અવતરે છે ત્યારે ઇશ્વરીય જ્ઞાન અને રાજયોગના અભ્યાસ દ્વારા જીવાત્માઓને મુકિત-જીવમુકિત આપે છે. જયાં સુધી કર્મોનો હિસાબ-કિતાબ પૂરો ન થાય ત્યાં સુધી જીવાત્મા મુકિતને પામતો નથી

માનવી એવું સામાજિક પ્રાણી છે કે જેને કોઈ પણ પ્રકારનું બંધન પસંદ નથી. આઝાદ પંખીની માફક ખુલ્લા આકાશમાં વિહરવાનું કોને ન ગમે? દીવાલો પાછળ તો ગુલામો જ જીવે અને જે ગુલામ છે તે જીવવા છતાં મૃત છે. કોઈ દુઃખના બંધનમાંથી તો કોઈ રોગના બંધનમાંથી, તો કોઈ શરીરના બંધનમાંથી મુકત થવા ઈચ્છે છે. તનનું કે મનનું બંધન એ પરતંત્રતાની નિશાની છે. મુકત હવામાં જીવવા ટેવાયેલા પ્રાણીઓ ભૂખથી થતું મૃત્યુ પસંદ કરશે પણ બંધનમાં રહીને ખાવાનું પસંદ નહીં કરે.


અંતરંગમાં ડોકિયું કરીશું તો જણાશે કે આપણે ઘણી વાર વેચાવું પડે છે. દરેક વખતે આપણે સહેલાઈથી સાપની માફક જવાબદારીની કાંચળી ઉતારી શકતાં નથી. કયારેક માલિકીના સળિયા નીચે દબાતા હોઈએ છીએ, કયારેક ઈન્દ્રાસનની આજ્ઞા હોય છે તો કયારેક સમાજની લક્ષ્મણરેખા હોય છે. કયાંક ને કયાંક કોઈક ને કોઈક સ્વરૂપે બંધન આપણને બાંધતાં જ રહે છે. આ જગતમાં એવાય થોડા માનવીઓ છે કે જેઓ વિચારોને વેચતા નથી, કર્મોને કેદખાનામાં નાંખતાં નથી કે પછી પૂરના પ્રવાહમાં તણાઈને મુકિતનો જૂઠો આનંદ સેવતા નથી. એવું ય બને છે કે માનવી પોતાના જ વિચારોના મોહપાશમાં પોતે બંધાયેલો રહે. સ્વચ્છંદતાની આબોહવામાં મુકિત સંભવિત નથી.

આકાશના વ્યાપમાં તો મુકિત પણ આનંદ માણી શકે પણ આકાશ જેવા થવાનું સરળ નથી કારણ કે આપણે તો લાઈનદોરીની વચ્ચે જીવવા ટેવાયેલા છીએ. સરહદો અને લક્ષ્મણરેખાનું આ જગત છે. કદાચ તેથી જ સાંકડી સીમામાંની આપણી પ્રવૃત્તિને મુકિતનું લેબલ મારી, મુકિતનો જૂઠો આનંદ માણીએ છીએ. પ્રગતિની પ્રથમ શરત સ્વતંત્રતા-મુકિત છે. સિંહ કદી પાંજરામાં જીવવાનું પસંદ નહીં કરે પણ તે સાથે-સાથે પોતાના જંગલના નિયમોના બંધનનું પાલન કરવાનું પણ નહીં ચૂકે. મુકિત અનેક શકયતાઓના દ્વાર ખોલી આપે છે. તેથી જ આત્મા અને શરીર પણ મુકિત ઈચ્છે છે. જેઓ દેહની મુકિત ઈચ્છે છે તેઓએ પણ પ્રથમ તો ઈચ્છાઓના બંધનમાંથી મુકત થવું જ પડે છે. એવું માનવામાં આવે છે કે મોક્ષ એટલે સર્વશ્રેષ્ઠ મુકિત, મોક્ષ એટલે મોહનો ક્ષય થવો અર્થાત્ માનવીએ મોહનો ત્યાગ કરવો. મોહનો ત્યાગ સહજ નથી. જયારે બધી જ વિકારોરૂપી બંધનની દીવાલો ખરી પડે અર્થાત્ વિકારો દૂર થઈ જાય ત્યારે પહેલાં તો માનવીએ તેના મનને મોહના ક્ષયની દિશામાં લઈ જવું પડે છે.

આપણે સૌ જીવાત્માઓ પાંચ તત્ત્વના શરીરના બંધન સાથે આપણો આત્મા જન્મ લે છે, ત્યારથી જ કર્મોના બંધનમાં પણ જીવાત્મા તેના જીવન વ્યવહારમાં સારાં-નરસાં કર્મો સાથે વ્યવહાર કરે છે. આમ જન્મમરણનાં ચક્રમાં અને કર્મોના હિસાબ-કિતાબના આંકડાઓ વચ્ચે માનવી જીવન આગળ ને આગળ ધબકતું રાખે છે. એ ઈચ્છે છે કે જીવનમાં આવતાં દુઃખોમાંથી મુજ આત્મા મુકિત પામે પરંતુ જયાં સુધી કર્મનાં આકરાં બંધનો છે ત્યાં સુધી મુકિત મળતી નથી.

ગીતામાં આપેલા વચન અનુસાર જયારે પરમાત્મા આ સૃષ્ટિ પર જીવાત્માઓને મુકિત-જીવનમુકિત આપવા માટે અવતરે છે ત્યારે ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગના અભ્યાસ દ્વારા જીવાત્માઓને મુકિત-જીવમુકિત આપે છે. જયાં સુધી કર્મોનો હિસાબ-કિતાબ પૂરો ન થાય ત્યાં સુધી જીવાત્મા મુકિતને પામતો નથી. સત્યમ્ શિવમ્ સુંદરમ્ એવા પરમાત્મા શિવ સાથે ધ્યાનયોગ કરવાથી જ કર્મોનો હિસાબ-કિતાબ ચૂકતે થઈ શકે છે.

મિત્રો, આપણે સૌ શિવ પિતા પરમાત્માના સાંનિધ્ય-યોગનો અનુભવ કરીએ અને જીવનમુકિતનો અલૌકિક અનુભવ કરીએ સાથે સહપરિવારને પણ અનુભવી બનાવવા પ્રેરણાસ્ત્રોત બનીએ એવી શુભ ભાવના સાથે ઓમ શાંતિ....



# સાત્વિક કર્મ

**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા**
**સાધુ જ્ઞાનાનંદદાસ**

રાજસિક કર્મની ચર્ચા કરીને હવે ભગવાન કૃષ્ણ સાત્ત્વિક કર્મની સમજણ આપી રહ્યા છે. સાત્ત્વિક કર્મના મૂળમાં નિર્વિકારીપણું છે. ધૈર્ય અને ઉત્સાહ તેની બે મજબૂત બાજુઓ છે. આ બંને વગર સાત્ત્વિક કર્મ સંભવ નથી. કાર્યસિદ્ધિ માટે તો આ બંને ગુણો અપરિહાર્ય છે. ધૈર્ય એટલે મુશ્કેલીઓ સામે ન ઝૂકવું, સમય આવવાની રાહ જોવી અને મનને સ્થિર રાખવું. જ્યારે ઉત્સાહ એટલે કાર્ય પ્રત્યેનો જીવંત ઉલ્લાસ, ઊર્જા અને વિશ્વાસભર્યું મનોબળ. જો મનુષ્ય આ બંને ગુણોને એકસાથે જીવનમાં લાવે, તો તે અશક્ય લાગતી બાબતોને પણ શક્ય બનાવી શકે છે.

ધૈર્ય વિના ઉત્સાહ અંધ છે અને ઉત્સાહ વિના ધૈર્ય નિર્જીવ છે. માત્ર ઉત્સાહથી શરૂઆત તો થાય પરંતુ ધૈર્ય વિના તે જલદી ઠરી જાય છે. બીજી બાજુ, ફક્ત ધૈર્ય રાખીએ પણ જો ઉત્સાહ ન હોય તો પ્રયત્નોમાં જ્યોતિ રહેતી નથી. સાચી સિદ્ધિ ત્યારે મળે છે જ્યારે મનુષ્ય મુશ્કેલી વચ્ચે પણ ‘હું કરી શકું છું’ એવી ઉત્સાહભરી માનસિકતા જાળવી રાખે અને ધૈર્યપૂર્વક સતત પ્રયત્ન કરતો રહે.

ઈતિહાસ સાક્ષી છે કે ધૈર્ય અને ઉત્સાહથી જ મહાન કાર્યો સિદ્ધ થયા છે. ભારતના વિખ્યાત વૈજ્ઞાનિક અને પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબનું જીવન ધૈર્ય અને ઉત્સાહનું જીવંત ઉદાહરણ છે. તેમનો જન્મ રામેશ્વરમના એક ગરીબ માછીમાર પરિવારમાં થયો હતો. બાળપણમાં ઘરમાં વીજળી નહોતી, અભ્યાસ માટે જરૂરી સુવિધાઓ નહોતી પરંતુ તેમની આંખોમાં સ્વપ્ન હતું –’એક દિવસ હું આકાશને સ્પર્શીશ.’

નાના કલામ દરરોજ વહેલી સવારે ઊઠતા, અખબાર વહેંચતા અને પછી શાળામાં જતા. જીવનમાં અનેક મુશ્કેલીઓ હતી પરંતુ તેમણે ક્યારેય હિંમત હારેલી નહીં. કોલેજમાં પહોંચ્યા બાદ પણ અનેક વાર નિષ્ફળતા આવી. જ્યારે તેઓ વાયુસેના માટેની પસંદગી પરીક્ષા આપવા ગયા, ત્યારે અંતિમ રાઉન્ડમાં પહોંચ્યા છતાં પસંદ થયા નહીં. ઘણા યુવાનો માટે આ નિષ્ફળતા જીવનનો અંત સમાન લાગતો પરંતુ કલામ સાહેબે ધૈર્ય ગુમાવ્યું નહીં. તેમણે કહ્યું –“હું હવે એ માર્ગે જઈશ જ્યાંથી હું દેશને સેવા આપી શકું.” આ જ ધૈર્ય તેમને વૈજ્ઞાનિક જીવન તરફ લઈ ગયું.

તેમણે ડીઆરડીઓ અને ISROમાં જોડાઈને ભારતના મિસાઈલ કાર્યક્રમને નવી દિશા આપી. શરૂઆતમાં અનેક નિષ્ફળતાઓ મળી. પ્રથમ ઉપગ્રહ પ્રક્ષેપણ નિષ્ફળ ગયું, રોકેટ તૂટીને સમુદ્રમાં પડી ગયું. સમગ્ર ટીમ નિરાશ થઈ ગઈ પરંતુ કલામ સાહેબે કહ્યું –“આ નિષ્ફળતા મારી છે, આગામી સફળતા તમારું નામ લખાવશે.” આ શબ્દો ઉત્સાહના જ્વલંત ઉદાહરણ છે. તેમણે પોતાની ટીમને પ્રોત્સાહિત કરી અને થોડાં વર્ષોમાં એ જ ટીમે ભારતનું પ્રથમ સફળ ઉપગ્રહ પ્રક્ષેપણ કર્યું.

અબ્દુલ કલામ સાહેબે બતાવ્યું કે ધૈર્ય વિના ઉત્સાહ અધૂરો છે અને ઉત્સાહ વિના ધૈર્ય નિર્જીવ છે. તેમના જીવનમાં બંને ગુણો એકસાથે જીવતા હતા.

એડિસને વીજબત્તી શોધવા માટે હજારો નિષ્ફળ પ્રયાસ કર્યા પરંતુ ધૈર્ય ગુમાવ્યું નહીં. તેની અંદર ઉત્સાહ જીવંત હતો –“હું નિષ્ફળ થયો નથી, મેં ફક્ત એવી રીતો શોધી છે જે કામ નથી કરતી.” આ ઉત્સાહ અને ધૈર્યના સંગમથી આખી દુનિયા પ્રકાશિત થઈ.

દરરોજના જીવનમાં પણ આ સિદ્ધાંત લાગુ પડે છે. વિદ્યાર્થી જો અભ્યાસમાં ધૈર્ય અને ઉત્સાહ રાખે તો તે મુશ્કેલ વિષયોને સરળ બનાવી શકે છે. ખેડૂત જો વરસાદ વિલંબથી આવે તો પણ આશા રાખી ધૈર્યપૂર્વક ખેતરમાં કામ કરે તો આખરે ફળ મળે છે. જે માણસ ધૈર્ય ગુમાવે છે, તે નાના અવરોધમાં જ હારી જાય છે પરંતુ જે ઉત્સાહથી જીવતો રહે છે, તે નિષ્ફળતા સામે પણ હસે છે કારણ કે તેને વિશ્વાસ હોય છે કે આ પરીક્ષા પણ એક દિવસ ફળ આપશે.

> ધૈર્ય વિના ઉત્સાહ અંધ છે અને ઉત્સાહ વિના ધૈર્ય નિર્જીવ છે. માત્ર ઉત્સાહથી શરૂઆત તો થાય પરંતુ ધૈર્ય વિના તે જલદી ઠરી જાય છે. બીજી બાજુ, ફક્ત ધૈર્ય રાખીએ પણ જો ઉત્સાહ ન હોય તો પ્રયત્નોમાં જ્યોતિ રહેતી નથી

મહંત સ્વામી મહારાજ કહે છે કે “ધૈર્ય અને ઉત્સાહ એ જીવનના બે પંખ છે. જો એક પણ પંખ તૂટી જાય તો ઉડાન અધૂરી રહે છે. જે મનુષ્ય આ બંને ગુણોને સાથે રાખીને કર્મ કરે છે, તે દરેક વિઘ્નને અવસર બનાવી લે છે. આ બંને મળીને જીવનને તેજસ્વી સફળતાની દિશામાં આગળ ધપાવે છે. આ ધૈર્ય-ઉત્સાહયુક્ત સાત્ત્વિક કર્મ સરખી રીતે થાય તો તે નિર્ગુણ કર્મ માટે પગથિયું બની જાય છે!”

હા, પરબ્રહ્મની પ્રાપ્તિ માટે બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરવી પડે. આ સ્થિતિ માટે કર્મ ત્રણેય ગુણોથી પર જવા જોઈએ. એટલે કે ગુણાતીત થવા જોઈએ. આ ગુણાતીત કર્મ જ અંતિમ અક્ષરધામ સુધી પહોંચાડી શકે.